# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

બુધવાર ૨૪ જુલાઈ, ૨૦૨૪


## સોલાર પેનલ મેન્યુફેક્ચરિંગમાં બેઝિક કસ્ટમ ડ્યૂટી દૂર કરવાનો નિર્ણય ગેમ ચેન્જર બનશે : ફારુક પટેલ

**સુરત** અને ગુજરાતની સોલાર ઇન્ડસ્ટ્રી વેપારમાં મોટો લાભ થશે



સુરત : કેપી ગ્રુપનાં સીએમડી. ડૉ.ફારુક જી.પટેલે જણાવ્યું હતું કે, કેન્દ્રીય બજેટમાં સૌથી મહત્વનો નિર્ણય એ છે કે, સરકારે સોલાર પેનલ મેન્યુફેક્ચરિંગમાં બેઝિક કસ્ટમ ડ્યુટી દૂર કરી છે. એને લીધે સોલાર પેનલો સસ્તી થશે. વિશેષ કરીને સુરત અને ગુજરાતની સોલાર ઈન્ડસ્ટ્રી વેપારમાં મોટો લાભ થશે. સોલાર મેન્યુફેક્ચરિંગ માટે પીએલએફમાં 19000 કરોડ રૂપિયાનું ફંડને કેરી ફોરવર્ડ કરાયું છે. એમ.એન.આર.ઈમાં 4700 કરોડ રૂપિયાથી વધારીને 8700 કરોડ રૂપિયા જાહેર કરાયા છે તે પણ ઈન્ડસ્ટ્રીઝને પ્રોત્સાહન આપશે. લાર રુફટોપ સૂર્યઘર યોજનાની અગાઉ જાહેરાત થઈ ચુકી છે. પરંતુ એક કરોડથી વધુ ઘરો પર સોલાર લગાડવા માટે 17 લાખ રોજગારીની તકો ઊભી થશે, આ સેક્ટરમાં મોટી રોજગારીની તકો મળશે અને સ્કીલ ડેવલપમેન્ટ થવાથી બિઝનેસને લાભ થશે. બીજી તરફ, વીજળીના તાર પણ સસ્તા થયા છે તેનો ઉપયોગ પણ ઈન્ડસ્ટ્રીઝમાં થતો હોવાથી ફાયદો થશે.

---


નીડર,નિષ્પક્ષ,નિ:સ્વાર્થ,નિપુણ,સેવાભાવી,સહયોગી,સરપટ,સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

VALUABLE EXPERIENCE 33 YEARS GUJARAT TODAY

# ગુજરાત ટુડે

GUJARAT TODAY

Ahmedabad

24-JUL-2024
WEDNESDAY

www.gujarattoday.in

GUJARAT TODAY


### કેન્દ્ર સરાકરે બજેટ બહાર પાડ્યા બાદ સુરતના ઉદ્યોગપતિની પ્રતિક્રિયા

## સોલાર પેનલ મેન્યુફેક્ચરિંગમાં બેઝિક કસ્ટમ ડ્યુટી દૂર કરાતા પેનલ સસ્તી થશે : ડો. ફારૂક પટેલ

સુરત, તા.૨૩

આજરોજ કેન્દ્ર સરકાર દ્વારા બજેટ બહાર પાડવામાં આવ્યું છે. જે અંગે સુરતના અગ્રણી ઉદ્યોગપતિ અને કે પી ગ્રુપના સીએમડી ડો. ફારૂક પટેલે આ બજેટ અંગે પ્રતિક્રિયા આપી છે. તેમણે જણાવ્યું છે કે, બજેટમાં રિન્યુએબલ એનર્જી સેક્ટર માટે ઘણી જાહેરાતો થઈ છે. તેમાં સૌથી મહત્ત્વની જાહેરાતમાં સોલાર પેનલ મેન્યુફેક્ચરિંગમાં બેઝિક કસ્ટમ ડ્યુટી દૂર કરવાની છે. જેનાથી, આ બિઝનેસને ફાયદો થશે અને પેનલ સસ્તી થશે. જોકે, ઈમ્પોર્ટ થતા સોલાર ગ્લાસની ડ્યુટી ઝીરોથી ૧૦ ટકા કરાઈ છે. સોલાર મેન્યુફેક્ચરિંગ માટે પીએલએફમાં ૧૯,૦૦૦ કરોડ રૂપિયાનું ફંડને કેરી ફોરવર્ડ કરાયું છે. એમ.એન.આર.ઈમાં ૪૭૦૦ કરોડ રૂપિયાથી વધારીને ૮,૭૦૦ કરોડ રૂપિયા જાહેર કરાયા છે તે પણ ઈન્ડસ્ટ્રીઝને બુસ્ટ આપશે. ઓફસોરમાં પહેલાથી જ વી.જી.એફ. ૭,૦૦૦ કરોડ રૂપિયાનું જાહેર કરાયું છે.



સોલાર રૂફટોફ સૂર્યઘર યોજનાની અગાઉ જાહેરાત થઈ ચુકી છે પરંતુ એક કરોડથી વધુ ઘરો પર સોલાર લગાડવા માટે ૧૭ લાખ રોજગારીની તકો ઊભી કરાશે, જેનાથી એમ્પલોયમેન્ટ ઊભું થશે અને સ્કીલ ડેવલપમેન્ટ થવાથી બિઝનેસને લાભ થશે. ૨૦ લાખ યુવાઓમાં સ્કીલ ડેવલપમેન્ટ કરવાની યોજના પર કામ થવાનું છે અને ઉન્નત ભારત યોજના હેઠળ આ કામ અગાઉથી જ થઈ રહ્યું છે. બીજી તરફ, વીજળીના તાર પણ સસ્તા થયા છે તેનો ઉપયોગ પણ ઈન્ડસ્ટ્રીઝમાં થતો હોવાથી ફાયદો થશે.